# 2104E265

Candidate's Seat No :________

**M.A. Semester-3 Examination**
**501 - Gujarati**
**(ગ્રંથકારનો અભ્યાસ - પ્રેમાનંદ)**

**Time : 2-30 Hours]** **April-2025** **[Max. Marks : 70**

**સૂચના :** (૧) દરેક પ્રશ્નનાં ગુણ સમાન છે.
(૨) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

૧ પ્રેમાનંદની સર્જકતાને ઘડનારાં પરિબળોનો વિગતે પરિચય કરાવો. ૧૪

**અથવા**

૧ મધ્યકાલીન ગુજરાતની સામાજિક, સાંસ્કૃતિક પરિસ્થિતિની વિગતે નોંધ લખો. ૧૪

૨ મધ્યકાલીન ગુજરાતી આખ્યાન સ્વરૂપની વિભાવના સમજાવી, તેની લાક્ષણિકતા સદૃષ્ટાંત સમજાવો. ૧૪

**અથવા**

૨ મધ્યકાલીન ગુજરાતી સ્વરૂપ આખ્યાનની વિકાસરેખા આલેખો. ૧૪

૩ 'કુંવરબાઈનું મામેરું' કૃતિના આધારે આખ્યાનકાર પ્રેમાનંદની પ્રતિભાને મૂલવો. ૧૪

**અથવા**

૩ 'સુદામાચરિત્ર' આખ્યાનકૃતિનો રસાસ્વાદ કરાવો. ૧૪

૪ 'ઓખાહરણ'માં આખ્યાનકાર પ્રેમાનંદની વિશેષતાઓ અને મર્યાદાઓ જણાવો. ૧૪

**અથવા**

૪ આખ્યાનકૃતિ તરીકે 'રણયજ્ઞ'નું સમગ્રલક્ષી મૂલ્યાંકન કરો. ૧૪

૫ નીચેનામાંથી કોઈપણ સાત પ્રશ્નોના યોગ્ય વિકલ્પ શોધી ઉત્તર આપો. : ૧૪

(૧) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ઈ.સ.ની સત્તરમી સદીથી ઈ.સ. ૧૮૫૨ સુધીના સમયને કયા યુગથી ઓળખવામાં આવે છે?
(અ) હેમયુગ (બ) રાસયુગ (ક) પ્રેમાનંદયુગ (ડ) ભક્તિયુગ

(૨) આખ્યાન સ્વરૂપના બીજ કોની રચનાઓમાં જોવા મળે છે?
(અ) નરસિંહ (બ) ભાલણ (ક) નાકર (ડ) પ્રેમાનંદ

(૩) "…..રસની બાબતમાં કોઈ પણ ગુજરાતી કવિ એના પેંગડામાં પગ ઘાલે એવો નથી. તાક્યું તીર મારનારો તો પ્રેમાનંદ જ" આ વિધાન કયા વિવેચકનું છે?
(અ) ડોલરરાય માંકડ (બ) ઉમાશંકર જોશી (ક) નવલરામ પંડ્યા (ડ) રામનારાયણ વિ. પાઠક

(૪) આખ્યાનમાં 'કડવાં'નો મધ્યભાગ કયા નામે ઓળખાય છે?
(અ) ફલશ્રુતિ (બ) ઢાળ (ક) મુખબંધ (ડ) વલણ

(૫) "મહાકાવ્યથી નાના કદનાં પણ એ જ પ્રકારના કાવ્યને હું આખ્યાન કાવ્ય કહું છું…" આ વિધાન કયા વિવેચકનું છે?
(અ) રામનારાયણ વિ. પાઠક (બ) નગીનદાસ પારેખ (ક) હેમચંદ્રાચાર્ય (ડ) જયંત કોઠારી

(૬) પ્રેમાનંદના વતનનું નામ જણાવો.
(અ) સુરત (બ) નંદણબાર (ક) વડોદરા (ડ) બુરહાનપુર

(૭) "વેપાર દોશીનો, ઘેર કોઠી રે, અમને ઓથ નરસૈયાની મોટી રે." આ કાવ્યપંક્તિ 'કુંવરબાઈનું મામેરું'માં કોણ બોલે છે?
(અ) ખોખલા પંડ્યા (બ) કમળા શેઠાણી (ક) મદન મહેતા (ડ) શ્રીરંગ મહેતા

(૮) કુંવરબાઈને પહેરામણીનો કાગળ કોણ લખાવે છે?
(અ) સાસુ (બ) વડસાસુ (ક) નણંદ (ડ) મદન મહેતા

(૯) "સદા તમારાં ચરણ વિષે જઈ રહેજો મનસા મારી."-આ કાવ્યપંક્તિ 'સુદામાચરિત્ર'માં કોણ બોલે છે?
(અ) સાંદીપનિ (બ) કૃષ્ણ (ક) સુદામા (ડ) શુકજી

(૧૦) 'સુદામાચરિત્ર મૈત્રીભક્તિનું કાવ્ય છે.' આ વિધાન કયા વિવેચકનું છે?
(અ) નગીનદાસ પારેખ (બ) કે. કા. શાસ્ત્રી (ક) ચિમનભાઈ ત્રિવેદી (ડ) ચંદ્રશંકર ભટ્ટ

(૧૧) 'ઓખાહરણ'માં ઓખાના પિતાનું નામ જણાવો.
(અ) બાણાસુર (બ) નારદ (ક) ગાલવ (ડ) ભીમક

(૧૨) 'રણયજ્ઞ' આખ્યાન કેટલા કડવાંનું છે?
(અ) ૧૬ (બ) ૧૪ (ક) ૨૯ (ડ) ૨૬